**પરીક્ષાની કસોટીમાં પાર ઉતરવા ઉમેદવારોને ૨૦૦ થી ૨૫૦ કિ.મી.થી દૂર પરીક્ષા સ્થળ અપાતાં રોષ**

# જૂનિયર કલાર્ક પરીક્ષા - જિલ્લામાં ૫૭ હજાર અન્ય જિલ્લાના ઉમેદવારો પરીક્ષા આપશે

**૧૭૦ પરીક્ષા કેન્દ્રો ઉપર પેપર ફૂટી ન જાય તેની સતર્કતા સાથે પરીક્ષાનું આયોજન**

બાયડ, તા.૩

એપ્રિલ મહિનામાં સરકાર અને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કસોટી છે. તા.૯ એપ્રિલના રોજ યોજનાર જૂનિયર કલાર્કની પરીક્ષાના આયોજનમાં સફળ થવા માટે ઉમેદવારોને પોતાના મંડળની છબી ખરડાઈ છે. જેથી સરકારે પણ નિવૃત્ત આઈ.પી.એસ. હસમુખ પટેલની આગેવાની હેઠળ પરીક્ષાનું આયોજન કર્યું છે. જો કે ગત રોજ ઉમેદવારોએ પોતાની હોલ ટીકીટ ડાઉનલોડ કર્યા પછી વતનથી દૂર દૂરના અન્ય

**૫૭,૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે**

| જિલ્લો | પરીક્ષા કેન્દ્ર | બ્લોક | ઉમેદવારો |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૧૧૭ | ૧૩૩૭ | ૪૦,૧૧૦ |
| અરવલ્લી | ૫૩ | ૫૨ | ૧૬,૯૯૦ |

વતનના જિલ્લાથી ૨૫૦ કિ.મી. દૂર પરીક્ષા કેન્દ્રો ફળવાતાં પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૭૦ પરીક્ષા કેન્દ્રો મારફતે અન્ય જિલ્લાના ૫૬,૯૭૦ ઉમેદવારો જૂનિયર કલાર્કની પરીક્ષા આપશે. માત્ર ૧ કલાકની પરીક્ષા માટે હજારો રુપિયા ખર્ચીને દૂર દૂર જવાનું અને પેપર ફૂટવાની સંભાવના પણ વધુ હોય છે તેવો આક્રોશ અનેક ઉમેદવારોએ વ્યક્ત કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત જૂનિયર કલાર્કની પરીક્ષા માટે સરકારના વિવિધ વિભાગો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અત્યાર સુધી વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટવાના કારણે સરકારની અને પંચાયત સેવા પસંદગી

**પેપર ફોડનારા, શકમંદો પર પોલીસની બાજનજર**

રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષા સહિત અન્ય પરીક્ષાના પેપર ફૂટવામાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૩૦થી લોકોની સંડોવણી બહાર આવી હતી ત્યારે જૂનિયર કલાર્કની પરીક્ષાનું પ્રશ્નપત્ર ન ફૂટે તે માટે ગુજરાત એ.ટી.એસ., ક્રાઈમ બ્રાન્ચ તેમજ જિલ્લા પોલીસ આવા શકમંદો ઉપર અને તેમની હિલચાલ ઉપર બાજનજર રાખી રહ્યાનું અનુમાન છે.

જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રો ફળવાતાં રોષ દેખાયો છે. સરકાર દ્વારા ઉમેદવારોને રુ ૨૫૪ એસ.ટી. ભાડાના આપવાની જાહેરાત કરી છે પરંતુ ઉમેદવારોને પરીક્ષા આપવા જવા, જમવા, રોકાવવાનો ખર્ચ રુ ૨૫૦૦ સુધીનો થવાનો છે ત્યારે અનેક ગરીબ પરિવારના ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી શકે છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીની નિગરાની હેઠળ તા.૯ એપ્રિલે સવારે ૧૨-૩૦થી બપોરના ૧૩-૩૦ સુધી પરીક્ષા યોજાશે. અત્યારથી જૂનિયર કલાર્કની પરીક્ષાને લઈને દરેક જિલ્લામાં પ્રતિબંધાત્મક આદેશ જારી કરવામાં આવ્યા છે. જિલ્લાના તમામ ૧૪ તાલુકાના શૈક્ષણિક સંકુલો ઉપરાંત કોલેજોને પરીક્ષા કેન્દ્રોની ફાળવણી કરવામાં આવી છે. ગેરરીતી ન આચરાય તે માટે થ્રી-લેયર ઓબ્ઝર્વેશનનું આયોજન થયાનું પણ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જો આ વખતે પેપર ફૂટશે તો બેરોજગારોનો રોષ સરકાર માટે પડકાર રુપ બની શકે છે.

# પાલનપુરના નિસ્વાર્થ સેવા સંગઠન બ્રાન્ડ એમ્બેસેડર મિસ યોગીની પૂજા પટેલ



પાલનપુર તા.૩

પાલનપુરમાં છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત નિસ્વાર્થ સેવા સંગઠન ની પૂજા પટેલ છેલ્લા ઘણા વર્ષોથી યોગ મા દુનિયાના અલગ અલગ ક્ષેત્રેથી ઘણા મેડલ પ્રાપ્ત કર્યા સાથે તેના કોચ તરીકે તેના પિતાએ જ ટ્રેનિંગ આપી યોગ માં સંપૂર્ણ રીતે યોગ્ય ઘડતર આપ્યું પૂજા પટેલ એક ખેડૂત મધ્યમ પરિવાર વર્ગની દીકરી નાની ઉંમરમાં ૬ વખત વિદેશની ધરતી ઉપર યોગમાં ઈન્ટરનેશનલ ગોલ્ડ મેડાલિસ્ટ તરીકે તેને સ્થાન મળ્યું છે. તેમજ ૨૦૨૨ માં નેશનલ ગેમ ગુજરાતમાં રમાઈ હતી ત્યારે સરકાર દ્વારા પ્રથમ વાર સ્પોર્ટમાં યોગ નું સ્થાન આપવામાં આવ્યું ત્યારે પણ પૂજા પટેલ ગુજરાત રાજયના ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યુ તાજેતરમાં યોગ બોર્ડ દ્વારા જે યોગ ની પ્રતિયોગીતા યોજવામાં આવી તેમાં પણ પ્રથમ સ્થાન મેળવી નિસ્વાર્થ સેવા સંગઠન તેમજ ગુજરાતની સાથે સાથે ભારતનું પણ નામ રોશન કર્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ નો પણ સંકલ્પ લોક કલ્યાણ માટે યોગ સર્વોપરી છે. ત્યારે મોદી સાહેબના વિચારોને આગળ વધારવા નિસ્વાર્થ સેવા સંગઠન બ્રાન્ડ એમ્બેસેડર મિસ યોગીની પૂજા પટેલ દ્વારા ગુજરાત તેમજ ભારતમાં લોક કલ્યાણ હેતુ યોગની શિબિરો કરી લોકહિતના કાર્યોમાં મદદરૂપ બનવાનાં પ્રયાસો સાથે ઈન્ટરનેશનલ વુમન્સ ડે ના દિવસે ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા પ્રમુખ કિર્તીસિંહ વાઘેલા પાલનપુર નગરપાલિકા પ્રમુખ કિરણબેન ડી .રાવલ તેમજ નિસ્વાર્થ સેવા સંગઠન ચેરમેન નીતિનભાઈ ઠાકોર જનરલ હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડો,સુનિલ જોષી બ્રાઈટ તુલીપ સ્કૂલ પ્રિન્સિપલ એન્જેલા ડીસલવા બિઝનેસમેન સુરેશભાઈ યોગી કોર્પોરેટર અંકિતાબેન ઠાકોર તમામ મહેમાનોના હસ્તે નિસ્વાર્થ સેવા સંગઠન બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મિસ યોગીની પૂજા પટેલ ને સર્ટિફિકેટ આપી નિમણૂક કરવામાં આવી હતી.

**નિગમના અધિકારીઓ કહે છે આવકમાં કોઈ ખોટ નથી**

# જિલ્લામાં એસ.ટી.ને સમાંતર દોડતાં ૩૦૦૦ વાહનોથી એસ.ટી.ને આવકમાં ફટકો

**આર.ટી.ઓ., પોલીસ, એસ.ટી.નું ખાનગી વાહનો સામે સૂચક મૌન**

બાયડ, તા.૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એસ.ટી. બસની સમાંતરે ૩૦૦૦થી પણ વધુ નાના-મોટાં વાહનો દોડી રહ્યાં હોવાથી એસ.ટી.ને દૈનિક લાખો રુપિયાનો ફટકો પડી રહ્યો છે છતાં આશ્ચર્ય વચ્ચે એસ.ટી. નિગમના અધિકારીઓ એસ.ટી. વિભાગને ખાનગી વાહનોથી આવકમાં કોઈ ખોટ નથી તેવું ગાણું ગાઈ રહ્યા છે. જિલ્લામાં ઘણા લાંબા સમયથી આર.ટી.ઓ., પોલીસ અને એસ.ટી.ના અધિકારીઓએ ખાનગી વાહનો સામે સૂચક મૌન ધારણ કરી લીધું છે તે પણ એક તપાસનો વિષય બન્યો છે.

એક તરફ એસ.ટી. નિગમ દ્વારા ખોટના ખાડામાં ધકેલાયેલા તંત્રની આવક વધારવા માટે નવા નવા અખતરા કરવામાં આવી રહ્યા છે. નવી એસ.ટી. બસો ફાળવવાથી માંડી નવા રુટ શરુ કરવા ઉપર વધુ ભાર મૂકવાની સાથે તહેવારો સમયે વધારાની એસ.ટી. બસો દોડાવવામાં આવતી હોય છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઘણા વર્ષોથી એસ.ટી. નિગમને આવકમાં શલિયાં વાહનોથી ફટકો પડતો હોવા છતાં આંખ મિચામણાં તંત્ર કરી રહ્યું છે. જિલ્લામાં મોડાસા-હિંમતનગર, મોડાસા-શામળાજી, મોડાસા-માલપુર, મોડાસા-મેઘરજ, હિંમતનગર-ઈડર, ઈડર-ખેડબ્રહ્મા, વડાલી-ખેડબ્રહ્મા, ઈડર-ભિલોડા, ભિલોડા-વિજયનગર, હિંમતનગર-તલોદ, હિંમતનગર-પ્રાંતિજ, હિંમતનગર-અમદાવાદ, મોડાસા-અમદાવાદ સહિતના રુટ ઉપર એસ.ટી. બસની સમાંતરે ૩૦૦૦થી પણ વધુ નાના-મોટા વાહનો દોડી રહ્યાં છે જેના કારણે એસ.ટી. વિભાગને દૈનિક લાખો રુપિયાની આવક ગુમાવવી પડતી હોય છે છતાં તંત્ર દ્વારા શટલિયાં વાહનો ઉપર અંકુશ મૂકવાના કોઈ ઠોસ પ્રયાસ થતા નથી. જિલ્લામાં એસ.ટી. નિગમના અધિકારીઓ સાથે આર.ટી.ઓ. અને ટ્રાફીક પોલીસે પણ શલિયાં વાહનોને લીલીઝંડી આપી હોય તેવાં દ્રશ્યો માર્ગો ઉપર જોવા મળી રહ્યાં છે. બસ મથકો નજીકથી ખાનગી વાહન ચાલકો મુસાફરો ખેંચી જતા હોવા છતાં તેમની સામે કામગીરી માત્ર કહેવા ખાતર જોવા મળી રહી છે. શલિયાં વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરીને વાહનો દોડતાં હોવાથી મુસાફરોના જીવ ઉપર જોખમ છતાં તંત્રના અધિકારીઓ શટલિયા વાહનો ઉપર કાબુ મૂકવા સામે કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યા છે.

**શટલિયા વાહનોથી એસ.ટી.ને આવકમાં કોઈ ખોટ નથી - એસ.ટી. વિભાગીય વડા**

જિલ્લામાં એસ.ટી. બસની સમાંતરે દોડતાં વાહનોથી એસ.ટી. નિગમને દૈનિક લાખો રુપિયાનું આવકમાં ફટકો પડી રહ્યો છે ત્યારે આશ્ચર્ય વચ્ચે હિંમતનગર એસ.ટી. વિભાગીય વડા એમ.ડી.શુકલએ જણાવ્યું હતું કે ખાનગી વાહનોથી એસ.ટી.ને આવકમાં કોઈ ખોટ નથી જે રુટ ઉપર એસ.ટી. બસ ખોટમાં જતી જણાય ત્યાં રુટ બંધ કરી દેવામાં આવે છે તેવો જવાબ આપતાં આશ્ચર્ય ઉભું થયું છે.

# અરવલ્લી જિલ્લાના નવા કલેક્ટર તરીકે પદભાર સંભાળતા પ્રશસ્તિ પરિક



બાયડ તા.૩

અરવલ્લી જિલ્લાના નવા કલેક્ટરશ્રી તરીકે પ્રશસ્તિ પરીકે પદભાર સંભાળ્યો,અધિકારીઓએ સ્વાગત કરીને શુભકામનાઓ પાઠવી.આ પહેલા વડોદરાના રિજનલ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી ચુક્યા છે. અને જામનગર અને નવસારીના જિલ્લા વિકાસ અધિકારી તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે. અરવલ્લી જિલ્લાના નવા કલેક્ટરશ્રીએ પદભાર સંભાળતા અરવલ્લી જિલ્લાને લોકો અને અધિકારીઓના સાથ સહકારથી વિકાસશીલ અને પ્રગતિશીલ બનાવવાની ખાતરી આપી.

# ડીસામાં લોધા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રીની ઉજવણી



ડીસા, તા. ૩

સમગ્ર ગુજરાતમા વસ્તા લોધા સમાજના લોકો ઉત્તર પ્રદેશથી આવેલા છે પણ તહેવારોની અલગ અલગ રીતે ઉજવણી કરતા હોય છે.જેમા હાલમા ચાલતી ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતાથી લોધાવાસમાં આવેલ હરિ હર મહાદેવ-હિન્ગળાજ માતાના મંદિરે આચરીનુ લોધા સમાજ સકલ પંચ દ્વારા દર સાલની જેમ આ સાલે પણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતું જેમા સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.ભાવિકો માટે પ્રસાદ અને નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ડીસાના ચંદ્રલોક રોડ ઉપર ખુલ્લી ગટરનું સમારકામ



ડીસા, તા. ૩

ડીસામાં ચંદ્રલોક રોડ પર ડુંગળી ભરેલી એક ટ્રક રોડની સાઈડમાં આવેલ ગટરમાં ખાબકી હતી. મહારાષ્ટ્રથી ૨૫ ટન ડુંગળી ભરીને એક ટ્રક ડીસા માર્કેટયાર્ડમાં આવી હતી અને માર્કેટયાર્ડ જતી વખતે ચંદ્રલોક રોડ પરથી ટ્રક પસાર થઈ રહી હતી. તે દરમિયાન અચાનક રોડની સાઈડમાં આવેલી ગટરના ખાડામાં ખાબકી હતી. ટ્રક ખાડામાં ખાબકતા જ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ટ્રકને બહાર નીકાળવાની કામગીરી હાથ ધરી હતી. જે ખૂલ્લી પડેલી ગટરનું આજરોજ ડીસા નગરપાલિકા દ્વારા સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું જેથી આકસ્મિક ઘટનાઓ બનતી અટકે વળી પાલિકાની આ કામગીરીથી લોકોમાં હર્ષની લાગણી છવાઈ હતી.

**મેઘરજની ગેડ ગ્રામ પંચાયતના વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારની રાવ**

# ગાંધીનગરમાં રહેતા અરજદારે માહિતી અધિકાર હેઠળ વિગતો માંગી

બાયડ, તા.૩

મેઘરજ તાલુકાની ગેડ ગ્રામ પંચાયતને ફાળવવામાં આવેલી વિકાસ ગ્રાન્ટમાંથી મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે જે કામ થયું છે તે હલકી ગુણવત્તાનું છે તેવા પણ આરોપ લાગેલા છે. અરજદારને માહિતી ન મળતાં છેવટે માહિતી અધિકાર કાયદાનો ઉપયોગ કરી છેલ્લા ૬ વર્ષમાં કરવામાં આવેલા વિકાસ કામો સહિત જરૂરી રેકર્ડની માંગણી કરતાં તલાટી સહિત પદાધિકારીઓમાં હલચલ મચી ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અનેક જિલ્લાની પંચાયતોમાં ભ્રષ્ટાચારનો સડો ઉધઈની માફક ફરી વળ્યો છે. જ્યારે નબળા કામ હોય તો પણ ભ્રષ્ટ અધિકારીઓ સબસલામતના રિપોર્ટ કરીને તારૂ મારૂ સહિયારૂ..ની ભાગ બટાઈ કરતા હોય છે. અગાઉ પણ મેઘરજ તાલુકા પંચાયતમાં બાંધકામ શાખામાં ચાલતા ભ્રષ્ટાચારનો મુદ્દો ગાંધીનગર સુધી પહોંચ્યો હતો. તાજેતરમાં મેઘરજ તાલુકાની ગેડ ગ્રામ પંચાયતમાં પાછલા ૬ વર્ષ દરમ્યાન વિકાસના કામો માટે આવેલી ગ્રાન્ટ અને તેનો કેવી રીતે ઉપયોગ થયો તે અંગે ગાંધીનગર રહેતા અરજદાર હિતેષ ડી. નિનામાએ વિગત માંગી હતી પરંતુ પંચાયત દ્વારા માહિતી ન અપાતાં છેવટે માહિતી અધિકાર હેઠળ વિગત માંગવામાં આવી હતી જેમાં છેલ્લા ૬ વર્ષમાં કરવામાં આવેલા વિકાસના કામો, વાઉચરો, વર્કઓર્ડર, એસ્ટીમેન્ટ, કમ્પ્લીશન સર્ટીફિકેટ, કઈ ગ્રાન્ટમાંથી કેટલા વિકાસ કામો થયા, એ.ટી.વી.ટી. ગ્રાન્ટ, ૧૫ ટકા વિવેકાધિન સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ, ધારાસભ્ય, સાંસદની ગ્રાન્ટ અને આ ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કામોની માહિતી માંગી છે. જ્યારે પંચાયતમાં છેલ્લા ૬ વર્ષના વાર્ષિક, ઓડીટેડ હિસાબની પ્રમાણિત નકલ, વાઉચર, મજુરોના દહાડીયાપત્રક, એજન્સીને ચૂકવેલ બીલો, એસ્ટીમેન્ટ, ઠરાવ, જરૂરી પંચનામાના ફોટા સહિતની વિગતો તેમજ ૬ વર્ષમાં કેટલી વખત ગ્રામ પંચાયતમાં સભા યોજવામાં આવી તેની વિગતો માંગવામાં આવી છે. લાગે છે કે ગેડ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારની ગંગોત્રી બહાર આવશે તો માહિતી અધિકાર કાયદો વધુ મજબૂત બનશે.

# ગંભીરપુરા : ગ્રામજનોએ ધારાસભ્ય ગજેન્દ્રસિંહની સાકરતુલા યોજી



તલોદ, તા. ૩

તલોદ તાલુકાના ગંભીરપુરામાં ગ્રામજનોએ દિપેશ્વરી માતાના મંદિરે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની રાખેલી બાધાના સ્વરુપે સાકરમાં તુલા કરી પૂર્ણાહૂતિ કરી હતી. જેમાં ભાજપના કાર્યકરો પણ જોડાયા હતા. ગ્રામજનોના અપાર પ્રેમનો ગજેન્દ્રસિંહ પરમાર આભાર પ્રગટ કરી સતત વિકાસ અને પ્રગતિ કરવા ખાત્રી આપી હતી. પ્રાંતિજ/તલોદના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમારે નાના-મોટા તમામ પ્રસંગોમાં હાજરી આપી સતત બીજી વખત વિજય થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તરીકે કાર્યભાર સંભાળી અનેક વિકાસલક્ષી નાના-મોટા લોકોના કામોને વેગ આપવામાં સફળતા મળી હતી. આજે સહૃદયી અને લોકલાડીલા નેતા તરીકે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની ચોતરફ સુવાસ ફેલાઈ છે.

# તલોદમાં રાષ્ટ્રધ્વજ સાથે મહાવીર જયંતીની શોભાયાત્રા નીકળી



તલોદ, તા. ૩

તલોદ મહાવીર જયંતી નિમિત્તે દિગમ્બર જૈન સમાજ દ્વારા રાષ્ટ્રધ્વજ સાથે શાંતિ-સલામતીના બાગરુપે સફેદ ટોપી અને વસ્ત્રોથી સજ્જ મોટી સંખ્યામાં જૈન સમાજ દ્વારા શોભાયાત્રા નગરના જાહેરમાર્ગોથી પસાર કરવામાં આવી હતી. કઠોર તપશ્ચર્યા મોડી રાત્રી સુધી શાસ્ત્રોનું જ્ઞાન આરાધના પૂજા કરી જૈન સમાજના યુવળો સ્ત્રીઓ અને બાળકોએ મોટી સંખ્યાના ભગવાન મહાવીરના જન્મ દિવસની ઉજવણીના ભાગરુપે જયારે સ્ત્રીઓએ કેસરિયા વસ્ત્રોથી સજ્જ થઈ સુખ-શાંતિ અને ભાઈચારાના પ્રતિક સ્વરુપે મહાવીર ભગવાનની શોભાયાત્રામાં જોડાઈ હર્ષ-ઉલ્લાસ સાથે મહાવીર જયંતિની ઊજવણી કરી હતી.

# તલોદમાં નાગણેશ્વરી માતાજીની જન્મદિવસની ઉજવણી કેક કાપી થઈ



તલોદ, તા. ૩

તલોદના મઠ વિસ્તારમાં આવેલા સુપ્રસિદ્ધ નાગણેશ્વરી માતાજીની ચૈત્ર સુદ તેરસના આજથી ૨૫ વર્ષ પહેલા સ્થાપના કરવામાં આવી હતી. દર વર્ષની જેમ મંદિરના મહંતજી જીલુસિંહના નેતૃત્વમાં વહેલી સવારે મહાઆરતી હોમહવન સાથે માતાજીની કેક કાપી ભક્તો અને શિષ્યોની હાજરીમાં ૨૪મી વર્ષગાંઠ ઊજવવામાં આવી હતી. મંદિરના પૂજારી રામસિંહ રાઠોડ ચમત્કારિક મહિમા માતાજી નાગણેશ્વરીની પૂજા - અર્ચના બાધા રાખડી આપી આશીર્વચનો પાઠવ્યા હતા. પરંપરા મુજબ કુણાલ પરમાર તથા તેમના ધર્મપત્ની માતાજીના હોમહવનમાં બેસી મંત્રોચ્ચાર વિધિ સાથે માતાજી નાગેશ્વરીનો જન્મદિવસ હર્ષોઉલ્લાસ અને ધામધૂમથી ઉજવ્યો હતો. મંદિરના શિષ્યો, બાબુભાઈ પગી, ટીનાભાઈ પ્રજાપતિ, સંજયભાઈ શાહ, રમેશભાઈ વણજારા, જાફર હુસૈન શેખ, પ્રકાશભી દરજી, મિસ્ત્રી કાકા, હેમુભાઈ સોવેરી માતાજીના દર્શનનો લ્હાવો લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# દર્દીઓની ભોજન સેવાના ૩૧ વર્ષ પૂર્ણ કરતું મોડાસાનું અન્નપૂર્ણા ટ્રસ્ટ : મંત્રી ભિખુસિંહ પરમારે દર્દીઓ માટે ભર્યુ ટિફિન

**અન્નપૂર્ણા ટ્રસ્ટ ફક્ત ૨ રૂપિયામાં જરૂરિયાતમંદ દર્દીઓ અને શ્રમિકોને શુદ્ધ સાત્વીક ભોજન જમાડી સેવાની સુગંધ પ્રસરાવી રહ્યું છે**





મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લો એ આરોગ્ય નગરી તરીકે જાણીતો છે, અહીં રાજસ્થાન તેમજ આસપાસના જિલ્લાઓમાંથી દર્દીઓ આવતા હોય છે આ સાથે જ મોટી સંખ્યામાં શ્રમિકો કામ અર્થે મોડાસા આવે છે ત્યારે આવા દર્દીઓ અને શ્રમિકોની ચિંતા કરીને મોડાસાની એકમાત્ર ભોજન પીરસતી સંસ્થા એટલે અન્નપૂર્ણા ટ્રસ્ટ. મોડાસાના માલપુર રોડ પર આવેલ અન્નપૂર્ણા ટ્રસ્ટ ના ૩૧ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિકોત્સવ મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે ઉજવાયો હતો, જેમાં અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ કટાર લેખક અને પદ્મ શ્રી કુમારપાળ દેસાઈ પણ ખાસ ઉપસ્થિત રહીને અન્નપૂર્ણા ટ્રસ્ટની કામગીરીની પ્રસંશા કરી હતી. છેલ્લા ત્રીસ વર્ષથી અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા મોડાસા શહેરની વિવિધ હોસ્પિટલમાં દર્દીઓ માટે ટિફિન સેવા ૨ રૂપિયાના નજીવા દરે પુરૂ પાડે છે, નહીં નફો, પણ નુકસાન ભોગવીને લોકસેવાનું ભગીરથ કાર્ય અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેના ૩૧ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં અન્નપૂર્ણા ટ્રસ્ટમાં સેવા આપતા કર્મચારીઓને પણ સન્માનિત કરાયા હતા, આ કર્મચારીઓ કોઈપણ રજા પાડ્યા વિના લોકોની સેવા માટે હંમેશા તત્પર રહેતા હોય છે ત્યારે તમામ કર્મચારીઓની સેવાને બિરદાવવામાં આવી હતી.

**ભિખુસિંહ પરમારે દર્દીઓ માટે તૈયાર થતું ટિફિન જાતે ભર્યુ**

રાજ્યના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમાર અન્નપૂર્ણા ટ્રસ્ટના વર્ષિકોત્સવ કાર્યક્રમમાં પહોંચ્યા હતા ત્યારબાદ તેમણે અન્નપૂર્ણા ટ્રસ્ટની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે રસોઈઘર પહોંચ્યા હતા જ્યાં દર્દીઓ માટે બનાવવામાં આવતી રસોઈનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ તેમણે દર્દીઓ માટે ભરવામાં આવતું ટિફિન જાતે ભરી સેવામાં પોતાનું યોગદાન આપ્યું હતું, તેમની સાથે અન્નપૂર્ણા ટ્રસ્ટના આગેવાનો, ટ્રસ્ટીઓ તેમજ પુંસરી ગામના પૂર્વ સરપંચ હિમાંશુ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનો, સામાજિક સંસ્થાના આગેવાનો, મોડાસ નગરપાલિકાના કોર્પોરેટર્સ તેમજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.